આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૫/૧૦/૨૦૨૬ થી તા.૧૧/૧૦/૨૦૨૬ સુધી

લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442

E-mail : bharatjyotish03@yahoo.co.in

મેષ (અ,લ,ઈ): ચાલુ વીકમાં આવકના નવા રસ્તા ખૂલશે. હકારાત્મક વિચાર અને કામ પ્રત્યેની લગન વહીવટી કુશળતા તરફ લઈ જશે. નોકરીમાં નવા ફેરફાર, બદલી, પ્રમોશન વગેરેની શક્યતા રહે તેમજ નવી નોકરી મળે. મિલકતને લગતા પ્રશ્નો હલ થાય. જમીન, વાહન, મકાન, ઓફિસ ખરીદવાની યોજના બને. પ્રેમમાં એક બીજાની લાગણી સમજવાથી આત્મીયતા વધશે. શેર, સટ્ટા, લોટરીમાં પ્રગતિ થાય. હરીફો પર ભારે પડશો. ખર્ચા વધશે. મૌન રહેવું.

વૃષભ (બ,વ,ઉ):- વીક દરમિયાન પોતાનાં કામ અને કામની જગ્યાએ ટેકનોલોજીનો ઉપયોગ સફળતા તરફ લઈ જશે. મિત્રો, ભાઈ-બહેન- અડોશ-પડોશના કામમાં મદદરૂપ થવાથી યશ મળે. પ્રવાસ, પર્યટન, શિક્ષણ, લેખન વગેરેમાં સફળતા મળે. વારસા, સંપત્તિ બાબતે વિવાદથી બચવું. બહારના કામનો બોજ ઓછો થાય. જે લોકો નવું શીખવા કે પોતાના નવા વિચારોને અમલમાં મૂકવા માંગતા હશે તેમને અચાનક ભાગ્યનો સાથ મળશે.

મિથુન (ક,છ,ઘ):- સપ્તાહ દરમિયાન ઘરના સભ્યોનો વ્યવહાર માનસિક ત્રાસજનક રહેશે. માટે વાદ-વિવાદ ટાળવો. પોતાના કાર્યક્ષેત્રમાં અચાનક ગતિ આવે. વેપારના નવા સોદા થાય. આર્થિક બાબતે સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવવું નહીં. જીવનસાથી ભાઈ-મિત્રો સાથે સામાજિક અને ધાર્મિક કામ થાય. નવા સંબંધો વિકાસ પામે. નવાં ઘર, વાહન બાબતે ધીરજ રાખવી. બહારના કામનો બોજ વધશે. વેપાર- ધંધાની નવી દિશા ખૂલે. આવક વધે.

કર્ક (ડ,હ):- સપ્તાહ દરમિયાન તમારી કુશળતા અને બુદ્ધિપ્રતિભા નવી ઓળખ ઊભી કરશે. ક્રિએટીવ વિચારોથી કામ સરળ બને. નવી નવી તકોના રસ્તા ખૂલે. સમાજમાં યશ મળે. ઘર-પરિવારમાં વિવાદથી અશાંતિ પેદા થશે. ઉંમરલાયકના વિવાહ થાય. ઉઘરાણીની ચિંતા સતાવશે. આવક વધારવાની તક મળે. માર્કેટીંગ દલાલી, પ્રવાસને લગતાં કામ થાય. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. મિત્રોનો સાથ રહે.

સિંહ (મ,ટ):- વીક દરમિયાન ધાર્મિક યાત્રા થાય. આરોગ્ય નરમ રહે. બિનજરૂરી ખર્ચા વધશે. સંતાનોની ચિંતા સતાવે. ગુપ્ત શત્રુઓ સક્રિય થાય. વિદેશનાં કામ પાર પડશે. કોર્ટ, કચેરીમાં મદદ મળે. સામાજિક કાર્યોથી પ્રતિષ્ઠા વધે. નોકરીમાં પ્રમોશન સાથે સ્થાનફેર થાય. મનગમતા વાતાવરણમાં કામ કરવાની તક મળે. નવી નોકરીની ઓફર આવે. વાણી પર કાબૂ રાખવો. ખાસ કરીને ઘરમાં.

કન્યા (પ,ઠ,ણ):- સપ્તાહ તમારા અનુશાસન પૂર્ણ વ્યવહાર અને બીજાને મદદ કરવાની આદતથી નવી તકના રસ્તા ખૂલશે. અચાનક શુભ સમાચાર મળે. સંતાનોની પ્રગતિ થાય. પરીક્ષા- ઈન્ટરવ્યુમાં સફળતા મળે. સામાજિક સંબંધો મજબૂત બને. પ્રેમમાં સાથ મળે. ઉત્સાહજનક કાર્ય સફળતા અને પ્રેમમાં વિવાહની ઓફર મનને પ્રફુલ્લિત રાખશે. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. સામાજિક સફળતા મળી શકે છે.

તુલા (ર,ત):- ચાલુ વીક તમારા સમજદારીપૂર્ણ સાહસિક નિર્ણય આર્થિક લાભ આપનાર રહેશે. નવા સોદા પાર પડશે. પ્રોપર્ટીને લગતાં કામ થાય. નવા વેપાર ધંધાની યોજનામાં વડીલોનો સાથ મળે. ભાઈ-બહેનોના વિવાહના સમાચાર મળે. પ્રેમજીવન ઉત્સાહજનક રહે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. શેર, સટ્ટા, લોટરી, વાયદામાં ધીરજ રાખવી. સામાજિક કામમાં સાવધાની રાખવી. ગુપ્ત શત્રુઓ પરેશાન કરે.

વૃશ્ચિક (ન,ય):- તમારા હકારાત્મક વિચાર કાર્યક્ષેત્રમાં પ્રગતિજનક રહેશે. નવા અવસરથી લાભ કરાવનાર વીક રહેશે. હાથમાં લીધેલા કામની પૂર્તિ માટે પરિવારનો સંપૂર્ણ સાથ મળશે. બૌદ્ધિક કાર્યની સફળતાથી યશ મળે. ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદ મળવાથી સંતાનોના કામ અને વિદેશના કામમાં ગતિ આવે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. આયાત-નિકાસ માટે નવી યોજના બને. વેપારમાં આર્થિક લાભ વધે. નોકરીમાં પ્રભાવ વધશે.

ધન (ભ,ધ,ફ,ઢ):- સપ્તાહ ધાર્મિક કાર્યોમાં ભાગ અને સામાજિક પ્રવૃત્તિમાં વ્યસ્તતાવાળું રહેશે. આરોગ્યનું ધ્યાન રાખવું. સતત કામની વ્યસ્તતા થાકનો અનુભવ વધારશે. પડવા-વાગવા અને પાણીથી સાવધાની રાખવી. અટકેલાં કામ પાર પડે. વિદેશમાં વિદ્યાભ્યાસમાં કામમાં પ્રગતિ થાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ મળે. ઈર્ષાળુ લોકોથી સાવધાન રહેવું. કોઈ નવી ડીલ કરવામાં ભૂલ થઈ શકે છે માટે ધીરજ રાખવી.

મકર (ખ,જ):- સપ્તાહ ભવિષ્યની અને કુટુંબની સુરક્ષાને લઈને લેવામાં આવતા નિર્ણયો હકારાત્મક રીતે પ્રગતિ કરાવનાર છે. કુટુંબમાં ધાર્મિક ઉત્સવનું આયોજન થાય. ઉંમરલાયકને યોગ્ય પાત્ર કે નવી નોકરી મળે. ચાલુ નોકરી-ધંધામાં અનુકૂળતા વધવાથી કાર્યબોજ ઘટે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. પ્રવાસમાં કોઈની વાતોમાં આવવું નહીં. ઉચ્ચ વિદ્યાભ્યાસની યોજના પાર પડશે.

કુંભ (ગ,સ,શ,ષ):- સપ્તાહ દરમિયાન હરીફોથી બચવા નાની નાની વાતોને મહત્ત્વ આપવું અને પોતાના લક્ષ્યને વળગી રહેવાથી નવી તક મળશે. સરકારી નોકરીની તક મળે. સરકારી કામમાં પ્રગતિ થાય. વિજાતિય મિત્રોનો સાથ મળે. રોજનાં કામ, વેપાર તેમજ દલાલી કે કમિશનના ધંધામાં ભાગ્યને સાથ મળે. સમાજજીવનમાં યશ મળે. આધ્યાત્મિક શાંતિનો અનુભવ થાય. અચાનક ઈચ્છિત કામ પૂર્ણ થવાથી ઉત્સાહ.

મીન (દ,ચ,ઝ,થ):- સપ્તાહ આર્થિક બાબતે સંતુલિત રહેશે. પ્રેમ બાબતે લાગણીઓ પર કાબૂ રાખવો. વ્યાવહારિક ભેટ-સોગાદથી વિશ્વાસ વધશે. સંતાનો માટે ભવિષ્યની યોજના પાર પડે. ઈન્ટરવ્યુમાં સફળતા મળે. પરીક્ષામાં અનુકૂળતા રહે. શેર બજારમાં લાભ થાય. ઈર્ષાળુ લોકો તથા હરીફોથી સાવધાન રહેવું. નોકરીમાં નવી જવાબદારી વધશે. સરકારી નોકરિયાતે લાલચથી બચવું. ઘરમાં ધાર્મિક વાતાવરણ રહે.

ભારતના ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર ચાલાક અધિકારી

આવા તાનાશાહી યોગવાળા જ્ઞાનેશકુમારની કુંડલી જ સાફ બતાવે છે કે તેમના ફૈંસલા જનતા કે અદાલત પ્રત્યે બિનજવાબદાર હોય!

જ્ઞાનેશ કુમારની જ.તા. 27-01-1964 પ્રાપ્ત છે. તેમની કુંડલી પ્રાપ્ત નથી પણ જ્યોતિષના નિયમ પ્રમાણે ચંદ્ર કુંડલીનું ઘણું જ મહત્ત્વ છે. કારણકે ચંદ્ર કુંડલી પરથી કે ચંદ્રની સ્થિતિ પરથી દશા-અંતર દશા નક્કી થતી હોય છે. તારીખ: 26-01-1964 થી તા. 28-01-1964 સુધી ચંદ્ર મિથુન રાશિમાં હતો માટે તેમની ચંદ્ર રાશિ મિથુન અને સાયન પ્રમાણે સૂર્ય કુંભમાં અને નિરયન પ્રમાણે સૂર્ય કર્કમાં હતો. તા. 27-01-1964 ના સવારના 11:28 સુધી ચંદ્ર પુનર્વસુ નક્ષત્રમાં હતો. જો તા. 27-01-1964ના 11:28 પછી તેમનો જન્મ થયો હોય તો પુષ્યનક્ષત્ર અને તે પહેલાં થયો હોય તો પુનર્વસુ નક્ષત્રમાં હોય તો ગુરુની મહાદશા અને જો પુષ્યમાં હોય તો શનિની મહાદશા. લગભગ તેમનો જન્મ ગુરુની મહાદશામાં થયો હશે. મેદનીય જ્યોતિષ પ્રમાણે જોઈએ તો તેમનું મેષ લગ્ન આવે છે અને લગ્નેશ કર્મસ્થાનમાં પોતાની ઉચ્ચ રાશિમાં સ્વગ્રહી શનિ અને સૂર્ય સાથે અતિચારી અવસ્થામાં ખૂબ જ બળવાન અને સ્વતંત્ર તથા મનમાની કરવાની શકિત આપે છે. આમ તેમની કુંડલી બળવાન બને છે. સાથે ચંદ્ર કુંડલી પણ મિથુનની બળવાન બને છે. આમ જ્યોતિષની દૃષ્ટિએ તેમની સ્થિતિ અને ઉચ્ચ પદની પ્રાપ્તિના યોગ ચોક્કસ થાય છે. મંગળ-સૂર્ય-શનિવાળાં જાતકો મોટા ભાગે આપખુદ કે તાનાશાહી વ્યવસ્થામાં માનતા હોય છે. કાનૂની પાબંધીને માનતા નથી હોતા અને જનતાની પરવા કરતાં નથી. એકતરફી નિર્ણયમાં વિશ્વાસ રાખે છે. જનતાની ભાગીદારીને મહત્ત્વ આપતા નથી. તેમની ચંદ્ર રાશિ પ્રમાણે આ વિનાશક યોગ આઠમા ભાવમાં થાય છે જે જાતકને ગદ્દારી તરફ લઈ જાય છે. મોટા ભાગે આવાં જાતકો કોઈને વફાદાર રહી શકતાં નથી. આવા તાનાશાહી યોગવાળા જ્ઞાનેશકુમારની કુંડલી જ સાફ બતાવે છે કે તેમના ફૈંસલા જનતા કે અદાલત પ્રત્યે બિનજવાબદાર હોય!

આપણે તેમની પ્રાપ્ત વિગતો પ્રમાણે એ જોવું છે કે તેમની કુંડલીમાં દેશ કે જનતા સાથે ગદ્દારી કે વિશ્વાસઘાત અથવા ધોખાબાજીના યોગ થાય છે કે નહીં? તેમજ તેમને પદ છોડવું પડશે કે નહીં? તેમના પર કોઈ કાયદાકીય પગલાં લેવાશે કે નહીં? વગેરે તેમની ચંદ્ર કુંડલી અને તા. 19-02-2025ના દિવસે પદગ્રહણ શપથની કુંડલી પરથી જોવાની કોશિશ કરીએ. જોગાનુજોગ તેમની શપથગ્રહણ કુંડલી પણ મેષ લગ્નની આવે છે તેમાં પણ મંગળ ત્રીજે બળવાન છે અને લાભસ્થાનમાં સ્વગ્રહી શનિ સાથે સૂર્યની યુતિ છે. જન્મસમય પણ સૂર્ય શનિ મકરમાં સાથે છે, જે બતાવે છે કે એક વાર જાતક ઉચ્ચ પદ પ્રાપ્ત કરે જ અને અચાનક ઊંડી ખીણમાં પડીને પતન તરફ જાય! મૂળ વાત પર આવતાં ''કપટ યોગ''ની વાત સમજીએ, જેને ષડયંત્ર યોગ પણ કહેવાય. કુંડલીમાં ચોથો ભાગ હૃદયનો અને તેના સ્વામીની સ્થિતિ પરથી આ યોગ જાણી શકાય છે. ઉપરાંત આત્માનાં કારક સૂર્ય અને મનના કારક ચંદ્ર તથા બુદ્ધિ, વિચાર, વાણીના કારક બુધની સ્થિતિ જાતકની મનઃસ્થિતિ બતાવે છે. તેના દિલમાં અન્ય માટે કેવી ભાવના છે તે બતાવે છે. જો કોઈ વ્યક્તિ, સત્તામાં હોય, ઉચ્ચ હોદ્દા પર હોય અને પ્રશાસનિક નિર્ણય લેવાની સત્તા કે હેસિયત ધરાવતી વ્યક્તિ બાબતે એવું ચોક્કસ વિચારી શકાય કે આવા યોગવાળો જાતક દેશ અને દેશની જનતા તથા દેશના કાયદા-કાનૂનને વફાદાર રહેશે?

જ્ઞાનેશકુમારની કુંડલી ખાસ ચંદ્ર કુંડલી જે જન્મતારીખ પ્રમાણે સાચી છે તે પ્રમાણે ચોથાનો માલિક બુધ સાતમું સ્થાન જે જનતા કે દેશની પ્રજાનું છે ત્યાં કેતુ સાથે છે અને મનનો કારક ચંદ્ર રાહુ સાથે તથા આત્માનો કારક સૂર્ય આઠમે શનિ-મંગળ સાથે છે. અહીં સૌથી મહત્ત્વની બાબત એ છે કે બુધ-ચંદ્ર રાહુ કેતુ સાથે સામસામે એક ભયંકર કપટયોગ કરે છે. આવાં જાતકો ચાલકીથી બીજાને નજરઅંદાજ કરીને પોતાની વૃત્તિને ષોપે છે અને ગદ્દારી કરે છે.

તેમની શપથ કે પદગ્રહણ સમયની કુંડલીમાં બીજાના માલિક શુક્ર અને બારમાના માલિક ગુરુનો પરિવર્તનયોગ જે એક કપટ કે ગદ્દારી કરનાર ઘડીનું નિર્દેશન કરે છે. આવા યોગને ખલયોગ-એટલે કે દુષ્ટ બુદ્ધિ યોગ કહે છે. પોતાની મહત્ત્વાકાંક્ષા માટે આવાં જાતકો કોઈ પણ હદ સુધી જાય છે. સાથે ગુરુથી ચંદ્ર છઠ્ઠે પણ અશુભ શકટયોગ કરે છે, જેના કારણે આખા દેશને સંકટમાં લાવી દીધો. કુંડલીમાં બારમો ભાવ પ્રતિષ્ઠાને હાનિ, જેલ કે ઉચ્ચ પદ પરથી બરખાસ્ત કે રાજીનામાં માટે જોવામાં આવે છે. જ્ઞાનેશકુમારની પદગ્રહણ વખતની તા. 19-02-2025ની કુંડલી જ સાફ બતાવે છે કે તેમનું પદ અપમાનિત અવસ્થામાં ગુમાવવાનું બનશે. બીજા અને બારમાના માલિક શુક્ર-ગુરુ જે બંને મેષ લગ્નમાં મારક બને છે અને બારમા ભાવમાં રાહુ સાથે સંબંધમાં આવે છે અને ગોચરનો શનિ બારમે પસાર થઈ રહ્યો છે તથા ગોચરનો રાહુ શપથગ્રહણના સૂર્ય-બુધ-શનિ પરથી પસાર થઈ રહ્યો છે. રાહુની મહા દશામાં પદગ્રહણ થયું અને જુલાઈ 2025થી ઓગસ્ટ 2026 દરમિયાન ગુરુમાં ગુરુ અને પ્રતિ અંતર દશા કેતુ જે છઠ્ઠે છે ત્યાં મંગળની દૃષ્ટિ છે માટે તેમની પડતીની શરૂઆત તો 2025 ઓગસ્ટથી જ થઈ ગઈ હતી. ઉચ્ચ કક્ષાના સંપર્કો અને હોદ્દાના દુરુપયોગના કારણે જ ટકી શકયા છે. તેમનો મંગળ કે જે ઉચ્ચ પદ તરફ લઈ જનાર છે તે જ અધોગતિનો પણ કારક છે. પદગ્રહણ વગતનો મંગળ મિથુનનો હતો અને તા. 02-08-2026 થી મંગળ ગોચરમાં મિથુનમાં આવ્યો ત્યારથી પડતીની શરૂઆત થઈ. તા. 18-09-2026 મંગળ તેમના ચોથા ભાવમાં કર્કમાં આવ્યો. જે તા. 12-11-2026 સુધી રહેશે. હાલમાં મંગળ-ગુરુ-કર્કમાં ચોથા ભાવમાં છે. તા. 31-10-2026 સુધી આ યોગ છે. તેમના ગુરુ-શુક્ર જ પદભ્રષ્ટના યોગ કરે છે. 02-08-2026 થી તેમના જન્મના ચંદ્ર-રાહુ પરથી મંગળનું ભ્રમણ ચાલુ થયું ત્યારથી તેમની પડતીની શરૂઆત થઈ છે. **હાલ મંગળ જન્મની મંગળ-શનિ-સૂર્ય સામેથી તેમને પદભ્રષ્ટ કરીને જ રહેશે. તેમને 31-10-2026 સુધી કે 12-11-2026 ની વચ્ચે પદત્યાગ કરવાનું બની શકે છે.**

જ્ઞાનેશકુમારની પદગ્રહણ વખતની તા. 19-02-2025ની કુંડલી જ સાફ બતાવે છે કે તેમનું પદ અપમાનિત અવસ્થામાં ગુમાવવાનું બનશે.

અનુસંધાન ... પાના પહેલાનું

ભારતીય ફાર્મા કંપની...

યુએસ ડોલર)થી વધુ મૂલ્યના નવા સહાય પેકેજની જાહેરાત કરી હતી, જ્યારે કે રશિયાએ યુક્રેનના શહેરો પર પોતાના હુમલા તેજ કરી દીધા છે. મર્ઝે એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ પેકેજમાંથી આશરે 1 અબજ યુરો લશ્કરી સહાય છે, જેમાં લાંબા અંતરના પ્રહાર કરતા હથિયારો, લડાયક ડ્રોન અને સેટેલાઇટ ટેકનોલોજીનો સમાવેશ થાય છે, જેથી યુક્રેન રશિયન લોંચ પેડ્સને પણ નિશાન બનાવી શકે.

CEC વિરુદ્ધ...

શરદ પવાર જૂથની એનસીપી(NCP-SP)ના જયંત પાટીલ, શશિકાંત શિંદે, જિતેન્દ્ર આવ્હાડ અને અનિલ દેશમુખે પણ ભાગ લીધો હતો. આ માર્ચ મેટ્રો સિનેમાથી શરૂ થઈને દક્ષિણ મુંબઈ સ્થિત બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન(BMC)ના મુખ્યાલય સુધીના ટૂંકા અંતર સુધી યોજાઈ હતી. પ્રદર્શનકારીઓને સમર્થન આપતા કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપ્કે, જેમણે શુક્રવારે મુંબઈમાં સીઈસી સામે 'જેલ ભરો આંદોલન' કર્યું હતું, તેમણે જણાવ્યું હતું કે નિષ્પક્ષ અને મુક્ત ચૂંટણીઓ માટે શહેર ફરી એકવાર રસ્તાઓ પર ઉતરી આવ્યું છે. 'વિરાટ ગર્જના મોરચા' નામ આપવામાં આવેલા આ આંદોલનના સહભાગીઓએ એસઆઈઆર પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓને લઈને સીઈસી જ્ઞાનેશ કુમારને હટાવવાની અથવા તેમના રાજીનામાની માંગ કરી હતી. મોરચામાં કોઈપણ પક્ષના ઝંડા રાખવાની મંજૂરી નહોતી અને સહભાગીઓને માત્ર રાષ્ટ્રધ્વજ સાથે રાખવા કહેવામાં આવ્યું હતું.

દિલ્હીમાં આપ...

તપાસની વ્યવસ્થા કરી રહ્યા છે. મધ્ય દિલ્હીમાં ભારે પોલીસ અને અર્ધલશ્કરી દળોની તૈનાતી વચ્ચે થયેલા પ્રદર્શનોમાં આપ કાર્યકરો, તેની વિદ્યાર્થી પાંખ એએસએપીના સભ્યો, NSUI કાર્યકરો, AISA કાર્યકરો અને અન્ય સંગઠનો જોડાયા હતા. એઆઈએસએની રાષ્ટ્રીય અધ્યક્ષ નેહા બોરાની રવિવારે જંતર મંતર તરફ સંગઠનના વિરોધ મોરચા દરમિયાન અટકાયત કરવામાં આવી ત્યારે વાહનની અંદર કોઇ મહિલા પોલીસ ન હોવાનો દાવો એઆઈએસએ સભ્યો દ્વારા કરવામાં આવ્યો છે. સભ્યોએ જણાવ્યું હતું કે, બોરાને તેમના ફોન અને બેગ વગર મુક્ત કરવામાં આવી છે.

જંતર મંતર નજીક...

દ્વારા તેની જાતીય સતામણી કરવામાં આવી હતી. અધિકારીએ જણાવ્યું કે, પ્રદર્શન દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યા હતા, તે સમયે બનેલી કથિત ઘટનાઓ અંગે નવી દિલ્હી જિલ્લા પોલીસને ફરિયાદો મળી હતી. જિલ્લા પોલીસે યોગ્ય અને નિષ્પક્ષ તપાસ માટે આ ફરિયાદો ક્રાઈમ બ્રાન્ચને સોંપી દીધી છે, તેમ અધિકારીએ ઉમેર્યું હતું. ક્રાઈમ બ્રાન્ચ તપાસના ભાગરૂપે આ આક્ષેપોની ચકાસણી કરશે અને ફરિયાદીઓ તેમજ સંબંધિત અન્ય વ્યક્તિઓના નિવેદનો નોંધશે. મહિલા પત્રકારે પીટીઆઈને જણાવ્યું હતું કે તે અને અન્ય પત્રકારો ત્યારબાદ એફઆઈઆર નોંધાવવા પોલીસ સ્ટેશન ગયા હતા, પરંતુ તેમણે આક્ષેપ કર્યો હતો કે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. તેણે આક્ષેપ કર્યો હતો કે, પોલીસકર્મીઓ પ્રદર્શનકારીઓની અટકાયત કરી રહ્યા હતા, અને ઘટનાસ્થળે કોઈ મહિલા પોલીસકર્મી હાજર નહોતી. મેં દિલ્હી પોલીસના એસીપી વિવેક ભગતને મહિલા પોલીસકર્મીઓની ગેરહાજરી અંગે પૂછ્યું, જે બાદ તેમણે મારી જાતીય સતામણી કરી અને મને પાછળ ધકેલી દીધી. વારંવાર કોલ અને મેસેજ કરવા છતાં એસીપી વિવેક ભગતનો સંપર્ક થઈ શક્યો નહોતો. એક સૂત્રએ જણાવ્યું કે પત્રકારો દ્વારા રજૂ કરવામાં આવેલી ફરિયાદમાં તેમના નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પ્રેસ કાઉન્સિલે...

કરી હતી. કોંગ્રેસે જણાવ્યું હતું કે શાહે આ કેસમાં FIR નોંધાય અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈએ, જ્યારે વડાપ્રધાને મહિલા અનામત કાયદો વહેલી તકે લાગુ થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ; અન્યથા, તેમણે રાજીનામું આપવું જોઈએ. કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ જણાવ્યું હતું કે ત્રણ મહિલા પત્રકારોએ જંતર-મંતર પર રિપોર્ટિંગ કરી રહી હતી ત્યારે પોલીસ કર્મચારીઓ પર તેમની જાતીય સતામણી કરવાનો આરોપ લગાવ્યો છે. X પર હિન્દીમાં એક પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે, ડઝનબંધ પત્રકારોના વિરોધ છતાં, ન તો FIR નોંધવામાં આવી કે ન તો કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી. પ્રિયંકાએ કહ્યું, નરેન્દ્ર મોદીજી, અમિત શાહજી, શું મહિલાઓ સાથેનું આવું વર્તન યોગ્ય છે? જો નહીં, તો તમે આ વાતની નોંધ કેમ નથી લેતા?

નેતાન્યાહુએ કેપ્ટન...

અનામત હોય છે, પરંતુ મને લાગે છે કે આ કિસ્સામાં, ઈઝરાયેલના તમામ નાગરિકો તમારું સાદર સ્વાગત કરશે... તેથી અમે તમને ખૂબ જલ્દી ઈઝરાયેલમાં જોવા ઈચ્છીએ છીએ.

-// જમીન વેચાણ અંગેની જાહેર નોટીસ //-

ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તાલુકો ઓલપાડના **મોજે ગામ : સાંધીયેરના બ્લોક નં. ૪૫૯/બ/૨/૧,** થી નોધાયેલ ખેતીની જમીન કે જેનું ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ ૯૯૦૨ ચો.મી. છે, જેનો **ખાતા નં. ૨૧૭૭** છે, જેનો આકાર રૂ. ૧૨.૪૫ છે તે જમીનના માલિક ૭/૧૨ મુજબ **(૧) જેન્તીભાઈ ઉર્ફે જયંતિભાઈ ડુંગરભાઈ ગોરસીયા, (૨) દિનેશભાઈ ડુંગરભાઈ ગોરસીયા, (૩) જનકભાઈ ડુંગરભાઈ ગોરસીયા, (૪) મુકેશભાઈ ડુંગરભાઈ ગોરસીયાના** ઓની સંયુકત માલિકી કબજા ભોગવટા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની તથા તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાની જણાવી અમારા અસીલને કિમતી અવેજ બદલ વેચાણથી આપવાનું નક્કી કરેલ છે. સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક કે અન્ય કોઈનો કોઈપણ જાતનો હક્ક હિત હિસ્સો લાગભાગ, અલાખો, અધિકાર, લીઝ પેન્ડનસ, લીયન, કે એટેચમેન્ટ, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, જામીનગીરી, ચાર્જ-બોજો, દર-દાવો, કબજો, સાટાખત, બાનાખત, વારશાઈ હક્ક વિગેરે હોય તો આ નોટીસ પ્રસીધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ માં નીચે દર્શાવેલા સરનામે લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થયેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો હક્ક-હિત-હિસ્સો, દરદાવો નથી અને જો હોય તો તે જતો યાને "વેવ" કર્યો છે. તેવું ગણી લઈ અમારા અસીલ તેઓના લાભમાં ઉપરોકત માલિકો, કબજેદારો પાસેથી મજકુર જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કે અન્ય લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં તે અંગે કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, વાંધો વિરોધ, દર-દાવો વિગેરે ચાલશે નહી જેની જાહેર જનતાએ નોધ લેવી.
નોટીસ અમારી સુચના મુજબ સાચી અને ખરી છે.

તા. ૦૫/૧૦/૨૦૨૬

ડૉ. મેહુલ બી. સોનાણી તે ખરીદનારના એડવોકેટ

ઓફિસ: ૨૦૧-૨૦૨ રાધેશ્યામ શોપીંગ સેન્ટર, સોનાણી દાંતના દવાખાના ની ઊપર, સિંગણપોર ચાર રસ્તા, કતારગામ, સુરત. મો નં: ૯૩૭૭૭ ૨૭૧૫૩

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

સચીન શાખા : દુકાન નં.૮,૯ અને ૧૦ શિવદર્શન કોમ્પલેક્ષ સુરત–નવસારી રોડ, સચીન, ગુજરાત–૩૯૪૨૩૦. ફોન : ૦૨૬૧–૨૩૯૨૨૨૯, ૬૩૫૯૯૦૯૮૧૯
E-Mail Id : sachin@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)
[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮(૧)હેઠળ]

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા,** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ સત્તા હેઠળ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૧.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રીમતી પારસબા કરસનજી જાડેજા (દેવાદાર), શ્રી કરસનજી તગાજી જાડેજા (સહ–દેવાદાર) અને શ્રી ગજેરા બટુકભાઈ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૧,૩૫,૬૮૮/– (રૂા. અગિયાર લાખ પાત્રીસ હજાર છસો અઠયાશી પુરા) વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એક્ટની પેટા કલમ (૪) અને તેમને મળેલ સત્તા હેઠળ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ **તારીખ ૦૨જી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૧,૩૫,૬૮૮/–** વત્તા વધારાનુ વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે" શિવ વાટીકા રેસીડન્સી વિભાગ–૨" નો પ્લોટ નં. ૭૪૬ આશરે માપ ૪૦.૧૩ ચો.મી, રેવન્યુ સર્વે નં. ૭૦/૧ અને ૭૦/૨, બ્લોક નં.૮૭ અને ૮૮, મોજે ગામ. નનસાડ, તા. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં. ૭૩૫, **પશ્ચિમ તરફ** : સોસાયટી નો આંતરીક રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૭૪૭, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૭૪૫ આવેલ છે.

તા.૦૨.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, સચીન શાખા.

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

ખાંડ બજાર શાખા : વરાછા પોલીસ સ્ટેશન સામે, વરાછા રોડ, સુરત. ફોન નં.(૦૨૬૧) ૨૫૪૪૫૮૫
E-Mail Id : khasur@bankofbaroda.com

કબજા નોટીસ (કલમ ૧૩(૪)(સ્થાયી મિલકત માટે) [સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨] ના(રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બેંક ઓફ બરોડા** ના અધિકૃત અધિકારીએ સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ **તા.૧૧.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **મેસર્સ શ્રી ગણેશ ટેક્ષટાઈલ, શ્રી પરેશભાઈ નાનજીભાઈ ધાનાણી (ભાગીદાર, ગીરવેદાર અને જામીનદાર), શ્રી મુકેશભાઈ નાનજીભાઈ ધાનાણી (ભાગીદાર, ગીરવેદાર અને જામીનદાર), શ્રીમતી ગીતાબેન પરેશભાઈ ધાનાણી (ભાગીદાર અને જામીનદાર), અને શ્રી વિપુલભાઈ હરીભાઈ ધાનાણી (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા. ૭૩,૩૦,૦૫૩.૩૧ (અંકે રૂા. તોતેર લાખ ત્રીસ હજાર ત્રેપન અને એકત્રીસ પૈસા પુરા) વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ** આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર/ગીરવેદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ ની પેટા કલમ (૪) સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૦૨જી ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

ખાસ કરીને દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બેંક ઓફ બરોડા,** ની રકમ **રૂા.૭૩,૩૦,૦૫૩.૩૧** વત્તા વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાવર મિલકતનું વર્ણન

પ્રાથમીક સુરક્ષા : હાઈપોથીકેશન થયેલ પ્લાન્ટ અને મશીનરીસ, સ્ટોક ફેકટરી પ્રીમાઈસીસ જેનો પ્લોટ નં. ડી/૮૩, ડી/૮–૨ અને ડી/૮–૧ મુ માનસી ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીસ નવી પારડી કામરેજ, સુરત.

કોલેટરલ સુરક્ષા : ૧. તમામ ભાગ અને હિસ્સો ધરાવતો ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ માનસી ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીસ ના સબ–પ્લોટ નં.ડી/૮ નો પ્લોટ નં. ૧ આશરે માપ ૧૨૬.૩૪ ચો.મી માર્જીન સાથેનું માપ ૨૪.૩૯ ચો. મીટર, રોડ અને સી.ઓ.પી માપ ૮૦.૫૫ ચો. મીટર વણવહેચાયેલ હિસ્સા સાથે જમીનનો બ્લોક નં. ૧૮૩ (રેવન્યુ સર્વે નં. ૨૯૫ અને ૨૯૬) ગામ: નવી પારડી, તા. કામરેજ, જી. સુરત ખાતે શ્રી મુકેશભાઈ નાનજીભાઈ ધાનાણી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : ૧૨ મીટર રોડ, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૨, **ઉત્તર તરફ** : ૯ મીટર રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૨ આવેલ છે.

૨. તમામ ભાગ અને હિસ્સો ધરાવતો ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નો માનસી ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીસ ના સબ–પ્લોટ નં.ડી/૮ નો પ્લોટ નં. ૨ આશરે માપ ૧૨૬.૩૪ ચો.મી રોડ અને સી.ઓ.પી માપ ૮૦.૫૫ ચો. મીટર વણવહેચાયેલ હિસ્સા સાથે જમીનનો બ્લોક નં. ૧૮૩ (રેવન્યુ સર્વે નં. ૨૯૫ અને ૨૯૬) ગામ. નવી પારડી, તા. કામરેજ, જી. સુરત ખાતે શ્રી પરેશભાઈ નાનજીભાઈ ધાનાણી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૧, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં. ૩, **ઉત્તર તરફ** : ૯ મીટર રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૧ આવેલ છે.

૩. તમામ ભાગ અને હિસ્સો ધરાવતો ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નો માનસી ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રીસ ના સબ–પ્લોટ નં.ડી/૮ નો પ્લોટ નં. ૩ આશરે માપ ૧૨૬.૩૪ ચો.મી રોડ અને સી.ઓ.પી માપ ૮૦.૫૫ ચો. મીટર વણવહેચાયેલ હિસ્સા સાથે જમીનનો બ્લોક નં. ૧૮૩ (રેવન્યુ સર્વે નં. ૨૯૫ અને ૨૯૬) ગામ. નવી પારડી, તા. કામરેજ, જી. સુરત ખાતે શ્રી પરેશભાઈ નાનજીભાઈ ધાનાણી ના નામે આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ** : પ્લોટ નં.૨, **પશ્ચિમ તરફ** : પ્લોટ નં.૪, **ઉત્તર તરફ** : ૯ મીટર રોડ, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૧૦ આવેલ છે.

તા. ૦૨.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ખાંડબજાર શાખા

-:: મિલ્કતના ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકોઃ-**ઓલપાડ**ના મોજે ગામઃ-**અટોદરા**ના **૧)બ્લોક નં.૩૭૯** થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં **ઓદ્યોગીક હેતુ** માટે આયોજીત **"જય અંબે ઇન્ડસ્ટ્રીયલ"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **"પ્લોટ નં.૧, ૨ તથા ૩" (જેનો રેવન્યુ રેકર્ડ મુજબ બ્લોક/પ્લોટ નં.૩૭૯/૧/૨/૩)**વાળી મિલ્કતની તથા સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકોઃ-**ઓલપાડ**ના મોજે ગામઃ-**અટોદરા**ના **૧)બ્લોક નં.૩૭૭** થી નોંધાયેલ બીનખેતીની જમીનમાં **ઓદ્યોગીક હેતુ** માટે આયોજીત **"માં શિંગોળી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ"**ના નામથી ઓળખાતી સોસાયટીમાં આવેલા પ્લોટો પૈકી **"પ્લોટ નં.૧ થી ૯" (જેનો રેવન્યુ રેકર્ડ મુજબ બ્લોક/પ્લોટ નં.૩૭૭ પૈકી ૨૬ તથા ૨૧)**વાળી મિલ્કતની હાલની માલિકી **M/S.BANSARI ENTERPRISE, A PARTNERSHIP FIRM** ની ચાલી આવેલ છે. સદરહુ મિલ્કતના માલિક પાસેથી અગાઉના નીચે જણાવેલા **અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદો** ગેરવલ્લે યાને ગુમ થયેલ હોવાનું જણાવી અમો કનેથી સદરહુ મિલ્કતોનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલ્કતો બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધા વિરોધ અવરોધ અટકાયત, કોઇ કોલ-કરાર, દરદાવો, હક્ક, હીત, હીસ્સો, દાવાદુવી કે અન્ય કોઇપણ પ્રકારનું હક્ક-હીત-હિસ્સો કે તર-તકરાર અથવા કોઇ નાણાંકીય સંસ્થાનો ચાર્જ યાને બોજો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭**માં લેખિત પુરાવા સહિત નીચે જણાવેલ સરનામાં ઉપર જાણ કરવી મુદત વિત્યે કોઇના કોઇપણ જાતના વાંધા વિરોધ અવરોધ આવશે નહી તો સદરહુ મિલ્કતોનું અમો એડવોકેટ ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું અને પાછળથી કોઇના કોઇપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહુ મિલ્કત ઉપર અમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓએ નોંધ લેવી.

પ્લોટ નં.	ગુમ થયેલા વેચાણ દસ્તાવેજો તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદો
પ્લોટ નં.૧, ૨, ૩ જય અંબે ઇન્ડસ્ટ્રીયલ	અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ૧) નં.૩૧૯ તા.૨૭-૦૧-૧૯૮૩, ૨) નં.૩૨૦ તા.૨૭-૦૧-૧૯૮૩ તથા ૩) નં.૩૨૧ તા.૨૭-૦૧-૧૯૮૩ તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદો
પ્લોટ નં.૧ થી ૫ માં શિંગોળી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ	અસલ વેચાણ દસ્તાવેજ નં.૧૭૦૦ તા.૧૧-૦૪-૧૯૮૩ તથા તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ અસલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં.૧૪૭૩૭ તા.૨૯-૦૯-૨૦૧૫ ની ફકત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ
પ્લોટ નં.૬ થી ૯ માં શિંગોળી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ	અસલ રજીસ્ટર્ડ સુધારાનો વેચાણ દસ્તાવેજ નં.૧૫૧૮ તા.૦૧-૦૨-૨૦૧૬ ની ફકત અસલ રજીસ્ટ્રેશન ફી રસીદ. અસલ વેચાણ સાટાખાત નં.૧૫૦૮૨ તા.૨૩-૮-૨૦૨૬ તથા અસલ વેચાણ રદ સાટાખાત નં.૮૪૩૧ તા.૧૬-૦૭-૨૦૧૭ તેની અસલ રજીસ્ટ્રેશન ફી રસીદો

તા.૦૫-૧૦-૨૦૨૬
ઓફીસ નંબરઃ ૪૦૧૩, સેન્ટ્રલ બાઝાર,
વરાછા પોલીસ સ્ટેશનની સામે, વરાછા, સુરત
મો.:૯૮૨૪૭-૨૧૦૦૨

સુજીત બી.રામોલીયા
એડવોકેટ એન્ડ નોટરી

-:: ટાઈટલ કલીયરન્સ રિપોર્ટ અંગેની જાહેર નોટીસ ::-

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ સીટી, શહેર સુરતના મોજે ડિંડોલીના રેવન્યુ સર્વે નંબર : ૭૭/૧ અને ૭૭/૩, રેવન્યુ બ્લોક નંબર - ૧૩૩ અને ૧૩૪માં આવેલી ૨૯૦૩૭ ચોરસ મીટર બિન-ખેતીલાયક જમીન પરના ટી.પી. સ્કીમ નં. ૬૯ (ગોડાદરા-ડિંડોલી)ના ફાઈનલ પ્લોટ નં. ૧૨૦માં આયોજિત "કૃષ્ણકુંજ સોસાયટી"માં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર - ૮૮ વાળી મિલકત જેનું જમીનનું ક્ષેત્રફળ ૪૫૬ ચોરસ ફૂટ એટલે કે ૫૦.૬૭ ચોરસ વાર એટલે કે ૪૨.૩૮ ચોરસ મીટર છે અને તેના પરના ગ્રાઉન્ડ ફલોરના બાંધકામનું કાર્પેટ એરિયાનું ક્ષેત્રફળ ૩૨.૭૧ ચોરસ મીટર અને બિલ્ટ-અપ એરિયાનું ક્ષેત્રફળ ૩૯.૨૫ ચોરસ મીટર છે તેમજ મજકુર ક્ષેત્રફળના પ્રમાણમાં રસ્તા અને સી.ઓ.પી. ની કોમન વપરાશની હિસ્સાની ફાળે આવતી ૧૪.૬૫ ચો.મી. જમીન સહિતની મિલકત સોનાલી રાજેન્દ્ર પાટીલની માલિકીની છે. આ મિલકત સ્વાતિ વિપુલ જાદવ અને વિપુલ સુરેશભાઈ જાદવ ખરીદવા માંગે છે અને તેઓ બેંક ઓફ બરોડા પાસેથી ધિરાણની સુવિધા મેળવવા ઈચ્છે છે. બેંક ઓફ બરોડાએ મારી પાસેથી ટાઈટલ રિપોર્ટની માંગણી કરી છે, પરંતુ સોનાલી રાજેન્દ્ર પાટીલની તરફેણમાં સબ-રજિસ્ટ્રાર, સુરત-૨ (ઉધના) ની કચેરીમાં **તા. ૧૭/૦૮/૨૦૨૬ના રોજ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર - ૧૭૮૬૫ હેઠળ નોંધાયેલા વેચાણ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફીની અસલ રસીદ ગુમ થયેલ કે ગેરવલ્લે** થયેલ હોવાનું જણાય છે. જેથી સદર અસલ રસીદ જે કોઈના કબજામાં હોય તો તેઓએ તેની ખાત્રી તે અંગેના લેખિત પુરાવા સહિત આ **નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૦૫ (પાંચ)**માં નીચે સહી કરનારને કરાવવી. મુદ્દત દરમ્યાન આવી જાણ કરવામાં આવશે નહીં કે ખાત્રી કરાવી આપવામાં આવશે નહીં તો હરકોઈનો મજકુર મિલકતમાં કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગ-ભાગ કે બોજો કે દર-દાવો નહિ હોવાનું અને હોય તે છોડી દીધા હોવાનું ગણી સદરહુ મિલકતનો ટાઈટલ રિપોર્ટ આપવામાં આવશે. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા. ૦૫/૧૦/૨૦૨૬

ચૈતાલી ટી. દોરીવાલા એડવોકેટ એન્ડ નોટરી
ઓફિસ : ૨૨૦, મલ્ટીસ્ટોરીયેડ બિલ્ડીંગ, સિંગાપુરી વાડી,
રૂસ્તમપુરા, સુરત.(મો.) : ૯૨૨૭૧ ૮૯૮૯૩

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત જીલ્લાના તાલુકા માંડવી (હાલ અરેઠ) ના ગામ મોજે તડકેશ્વરના સરકારી દફતરે નોંધાયેલ બ્લોક નંબર : ૯૦૮, ૯૧૦, ૯૧૧, ૯૧૨, ૯૧૩, ૯૧૪, ૯૧૫, ૯૧૬/પૈકી, ૯૧૭, ૯૧૮, ૯૧૯, ૯૨૦, ૯૨૧, ૯૨૩/૧, ૯૨૪/૧, ૯૨૫, ૯૪૪/૨, ૯૪૫, ૯૬૮ તથા ૨૨૯૬ વાળી જમીનોનો એકત્રીકરણ બાદ નવો બ્લોક નંબર : ૯૦૮ થી નોંધાયેલી બિનખેતીની ઈન્ડસ્ટ્રીયલ હેતુવાળી જમીનમાં આયોજીત "યશ ગ્રીનટેક્ષ ઈન્ફ્રા" ના નામથી ઓળખાતી યોજનામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નંબર : આર/૩૩ વાળી મિલકતના માલિક મેહુલભાઈ જશવંતભાઈ ચૌધરી તથા પ્લોટ નંબર : એસ/૩૪ વાળી મિલકતના માલિક બિક્ષાબેન રિંકેશકુમાર પટેલ ચાલી આવેલ છે. તેઓ હમારા અસીલ બેંક કનેથી ધીરાણ મેળવનાર છે. પરંતુ, હાલના માલિકના અગ્રહકકધારીએ તા. ૧૪/૦૬/૨૦૨૩ ના રોજ અનુક્રમે અનુક્રમ નંબરો : ૧૦૨૪ તથા ૧૦૨૩ થી નોંધાયેલ અસલ વેચાણ દસ્તાવેજો તથા મજકુર વેચાણ દસ્તાવેજોની રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચો ગેરવલ્લે થયેલ હોવાનું જણાવેલ છે. જેથી, સદર ગેરવલ્લે થયેલ અસલ વેચાણ દસ્તાવેજો તથા મજકુર રજીસ્ટ્રેશન ફી ભર્યાની અસલ પહોંચો તથા સદરહુ મિલકતના ટાઈટલ સંદર્ભે કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો, દરદાવો કે લાગભાગ કે કોઈપણ બેંક કે નાણાંકીય સંસ્થાનો ચાર્જ, બોજો યા લીયન હોય તે અંગેના આધારભૂત દસ્તાવેજો દિન–૭ માં મારા નીચે જણાવેલ સરનામે રજૂ કરી ખાતરી કરાવશો. સબબ, ઉપરોકત મુદતમાં કોઈના કોઈપણ પ્રકારના વાંધા નહિં આવે તો અમો તરફથી સદરહુ પ્લોટોવાળી મિલકતો અંગે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે અને હમારા અસીલ બેંક ધિરાણની આગળની કાર્યવાહી કરશે અને તે અંગે ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહિં જેની સર્વેએ આ જાહેર નોટીસથી નોંધ લેવી.

તારીખ : ૦૫/૧૦/૨૦૨૬
ઓફિસ : ૧૦૫, પહેલો માળ, શુભમ કોમ્પલેક્ષ,
આનંદ હોસ્પિટલની નજીક, પોર મહોલ્લો, નાનપુરા,
સુરત–૩૯૫૦૦૧
Mo.No. 9913565889

યોગેશ આઈ. પટેલ
તે ધી સુરત ડિસ્ટ્રીકટ કો. ઓ. બેંક લી.ના
એડવોકેટ

વેચાણ તથા ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

જિ.સુરત, તા.કામરેજ ના **મોજેગામ–કોસમાડા** ના જુના બ્લોક નં. ૧૧૪, રી-સર્વે બાદ નવો બ્લોક નં.૧૫૧ જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૯૨-૧૬ ચો.મી. પૈકી બિનખેતી થયેલ ૫૪૯૪.૨૦ ચો.મી. જમીન જેન સીટી સરવે વોર્ડ–કોસમાડા(બિનખેતી) ના સીટી સરવે નંબર NA151/P2 થી ચાલી આવેલ છે, તે જમીન મિલકત **પ્રદિપકુમાર વલ્લભભાઈ ઝડફીયા** પોતે એકલા સ્વઃસંપાદીત હકકે સ્વતંત્ર એલોટી, માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબજે ભોગવટેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનુ જણાવી સદર જમીન શાંત, ખાલી પ્રત્યક્ષ કબજા સહીત તમામ હકકો સાથે મારા અસીલને વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સબબ, સદરહું મિલકતોમાં કોઈનાં કોઈપણ પ્રકારના હકક, હિત, હિસ્સો કે અધિકાર કે કોઈપણ પ્રકારનું લખાણ કે બેંક યા નાણાંકીય સંસ્થા, કે ધાર્મિક ટ્રસ્ટ યા સંસ્થાનો બોજો, લીયન વિગેરે હોય તો જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે આ નોટીસ પ્રસિધ્ધ થયે **દિન–૭ (સાત)** માં લેખીતમાં અમોને જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો નોટીસની મુદત વિત્યે કોઈને કોઈપણ જાતનો વેચાણ સામે વાંધો હરકત નથી, તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારનો હકક, હિત હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે, વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતના પાકા દસ્તાવેજો કરી–કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તર–તકરાર, દર દાવો, ફરીયાદ ગ્રાહય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. સુરત. તા.૦૨/૧૦/૨૦૨૬

ઓફિસ : પ્રથમમાળ, નેચરવેલી હોમ્સ,
બી-બિલ્ડીંગ, સારોલી ટ્રાન્સફર રોડ, સારોલી, સુરત.
મો.૯૩૭૭૬ ૬૬૩૬૭, ૯૩૭૭૭ ૬૬૬૫૬

પિયુષ ચોડવડિયા
ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને નોટીસ લખી આપી જણાવવાનું કે સુરત જીલ્લાના, ચોરાસી તાલુકાના **મોજે ગામ : ભાણોદરા** ના રે.સર્વે નં. ૨૩/૨/૨, એકત્રીકરણ કાયદા હેઠળ **''બ્લોક નં.૩૯''** થી નોંધાયેલ જમીન, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે. ૧–૦૭–૨૪ ચો.મી. થાય છે. જેને ટી.પી.સ્કીમ નં. ૪૪ (ભાણોદરા) લાગુ પડતા ફાઈનલ પ્લોટ નં.૩૭, જેનું ક્ષેત્રફળ ૬૪૩૪ ચો.મી. આપવામાં આવેલ છે. સદર તે બિનખેતી (બહુહેતુક ઉપયોગ) વાળી જમીનના માલિક **(૧) નરેશભાઈ બાલુભાઈ સોજીત્રા, (૨) હંસાબેન સવજીભાઈ હપાણી, (૩) રસિલાબેન નરેશભાઈ સોજીત્રા** ની કાયદેસરની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી તથા પ્રત્યક્ષ કબજા, ભોગવટા હેઠળની ચાલી આવેલ હોવાનું જણાવી તથા તમામ ટાઈટલ કલીયર અને માર્કેટેબલથી સદર મિલકત અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદર જમીન / મિલકતના માલિક સિવાય અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ, હકક હિસ્સો, દર–દાવો કે કબજાના, સાટાખતના યા અન્ય કોઈપણ પ્રકારના હકક, હિત હોય તો તેની જાણ અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તેમના હકક દાવા બાબતે દસ્તાવેજી પુરાવા સહીત અમોને નીચેના સરનામે ઓફીસના સમયે રૂબરૂ યા લેખીતમાં જાણ કરવી, નોટીસની મુદત દરમ્યાન કોઈ વાંધા, વિરોધ યા તકરાર નહી આવે તો કોઈના હકક, દાવા, હિત હશે તો તે જતા કરેલ છે, તેમ માનીને અમારા અસીલ ઉપરોકત બિનખેતીની જમીનવાળી મિલકતના માલિક પાસેથી કાયદેસરના લખાણો કરાવી લેશે. જેથી પાછળથી કોઈપણ વ્યકિતનો વાંધો યા વિરોધ, તર–તકરાર ધ્યાનમાં લેવામાં આવશે નહી જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

ઓફિસ : ૨૦૬, ''વી–પ્લાઝા''
ગજેરા સ્કુલ પાસે, કતારગામ,
સુરત. મો. ૯૬૮૭૫ ૧૪૪૭૭

મુકેશ એન. નાડોદા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, ઓલપાડ સબ–ડિસ્ટ્રીકટ, **મોજે સરોલી** ના સર્વે નં. ૧૩૦/૧/૨, **બ્લોક નં. ૨૫૭** વાળી જૂની શરતની ખેતીની જમીન, કે જેનો **ખાતા નં. ૨૭૩** છે. જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦–૭૯–૯૩ ચો.મી. **યાને ૭૯૯૩ ચો.મી.** વાળી ખેતીની જમીન, કે જેનો આકાર રૂા.૧૦.૮૭ પૈસા છે. તે જુની શરતની ખેતીની જમીન પૈકી **વણ–વહેંચાયેલ હિસ્સાની પૂર્વ દિશા તરફની હે.આરે. ૦–૩૯–૯૬–૫૦ ચો.મી. યાને ૩૯૯૬.૫૦ ચો.મી.** જમીન **૧. ચીમનભાઈ કરસનભાઈ, ૨. સુમનબેન ચીમનભાઈ પટેલ, ૩. શૈલેશભાઈ ચીમનભાઈ પટેલ, ૪. ભારતીબેન તે ચીમનભાઈ કરસનભાઈ પટેલની પુત્રી અને જયેશભાઈ પટેલની પત્ની, ૫. બીપીનભાઈ ચીમનભાઈ પટેલ** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું જમીનના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક તથા પ્રત્યક્ષ કબજેદાર હોવાનું અને સદરહું જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો કે લીયન / ચાર્જ કે ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭ (સાત)** માં તે બાબતના મુળ (ઓરીજનલ) પુરાવા / રેકોર્ડસ સહિત અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો સદરહું જમીનમાં અમારા અસીલ સિવાય અન્ય કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ–ભાગ, દર–દાવો, લીયન/ચાર્જ, ગીરો / મોર્ગેજ / ભેટ / વારસાઈ નથી અને જો હોય તો તે આ નોટીસમાં આપેલ મુદતમાં લેખીત વાંધો ન ઉપાડીને જતા કરેલા છે એમ માનીને સદરહું જમીનનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત જમીન માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં–વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૦૫/૧૦/૨૦૨૬
સરનામું : એ–૨, મેરૂલક્ષ્મી એપાર્ટમેન્ટ,
લવ એન કેર હોસ્પિટલ પાસે, તારવાડી,
રાંદેર, સુરત. મો. 90162 34004

નીતીન જે. ગોરસીયા
તે અસીલના એડવોકેટ

અસલ રજીસ્ટ્રેશન રસીદ ગુમ થયેલા અંગે જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ, શહેર સુરતનાં મજુરાના રેવન્યુ સર્વે નંબર ૧૯૩ થી નોધાયેલી જમીનમાં શહેરી જમીન ટોચ મર્યાદા નિયમન અધિનિયમન ૧૯૭૬ની કલમ ૨૧વિ પરવાનગી મુજબની યોજનામાં આવેલા આવાસો જે "જી.પી. પાર્ક" ના નામથી ઓળખાય છે તે પૈકી આવાસ નં. પી-૫ વાળી મીલકત જેનું ક્ષેત્રફળ ૧૪ ફુટ × ૩૦ ફુટ યાને ૩૯.૦૦ ચો.મી. જમીન તથા તેની ઉપર આવેલ બાંધકામ સહિતની મીલકતના માલિક (૧) જશવંતલાલ નગીનદાસ મૈસુરીયા તથા (૨) નટવરલાલ નગીનદાસ મૈસુરીયાના નામે માલીકી હકકે ચાલી આવેલ છે. સદરહુ મિલકતનો વેચાણ દસ્તાવેજ મહે. સુરતના સબ-રજીસ્ટ્રારશ્રીની કચેરી (અઠવા-ઝોન)માં અનુક્રમ નંબર ૯૭૮ થી તા.૩૧/૦૧/૨૦૦૪ના નોંધાયેલ છે. જેનો નવો અનુંક્રમ નંબર ૮૬૮ છે. જે વેચાણ દસ્તાવેજની રજિસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ (આર.આર.) ક્યાંક ગુમ યાને ગેરવલ્લે થયેલ છે. અસલ રજિસ્ટ્રેશન ફી ભર્યાની અસલ રસીદ (આર.આર.) ઘણી શોધખોળ કરવા છતાં મળી આવેલ નથી. સદરહુ મિલ્કતની સામે જો કોઈને કોઈ પણ જાતના વાંધા કે વિરોધ હોય અથવા સદરહુ મિલ્કત ઉપર કોઈના કોઈપણ જાતના બોજા યા હક્કો હોય તો તેમને પોતાના વાંધા આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭ માં પુરાવાની નકલો સહીત હમોને નોંધાવવા જો તેમ કરવામાં કસુર થશે તો તેની સામે પાછળથી કોઈની કોઈપણ જાતની તકરાર ચાલશે નહી. તેની આથી તમામ લગતા વળગતાઓએ નોંધ લેવી.

સરનામુ : ૨૭, સ્કારલેટ શોપીંગ સેન્ટ્રલ,
કાલુપુર બેંકની સામે, આનંદ મહલ રોડ,
અડાજણ, સુરત.

નૈતિક એ. ગાંજાવાલા
એડવોકેટ

શેર સર્ટીફીકેટ ગુમ યાને ગેરવલ્લે થયાં અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ મજુરા સબડીસ્ટ્રીકટના શહેર સુરતના મોજે ગામ અલથાણના રેવન્યુ સર્વે નંબર ૬૭/૨-બી અને ૬૭/૨-સી, જેને બ્લોક નંબર ૮૪ તથા ૮૫ આપવામાં આવેલ છે જેનો સમાવેશ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર ૩૬ મા સમાવેશ કરી ફાયનલ પ્લોટ નંબર ૪૩ આપવામાં આવેલ છે તે જમીન ઉપર આવેલ 'વસંત વિહાર ટાઉનશીપ' નામની વસાહતમાં આવેલ બીલ્ડીગ નંબર બી–૨ ના ત્રીજા માળે આવેલ ફલેટ નંબર ૩૦૬ વાળી મિલકત મીનાબેન ભરતકુમાર ચૌહાણની માલિકીની છે. તે ફલેટને લગતાં વેલફેર એસોસીએશને શેર સર્ટીફીકેટ નંબર ૧૦૫ થી તારીખ ૨૧/૧૧/૧૯૯૭ ના રોજ ફાળવેલ અનુક્રમ નંબર ૧૨૮ વાળા શેર અંગેનુ અસલ શેર સર્ટીફીકેટ ગુમ થયેલ છે. ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ આપવા સામે કોઈના કોઈપણ વાંધા હોય તો નીચે સહિ કરનારને આ નોટીસની પ્રસિધ્ધિથી દિન–૭ માં જણાવવું. કોઈ વાંધા આવશે નહિ તો સોસાયટી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ કરશે.

તા.૦૫/૧૦/૨૦૨૬
પ્રમુખશ્રી, વેલફેર એસોસીએશન
રજીસ્ટર્ડ ઓફીસ – વસંતવિહાર ટાઉનશીપ,
ઉધના મગદલ્લા રોડ, અલથાણ, સુરત.

મારી મારફત **હેમીશ એસ. જરીવાલા**
એડવોકેટ
૧૨૪-૧૨૫-૧૨૬, સીગાપુરી વાડી,
સલાબતપુરા, સુરત.

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે તાપી ડીસ્ટ્રીકટ, વાલોડ સબ-ડીસ્ટ્રીકટના ગામ મોજે ખાંભલા માં આવેલ જુના બ્લોક/રે.સ. નં. ૧૦૧/૧, જેનો પ્રમોલગેશન બાદ નવો બ્લોક /સરવે નં.૧૨૪ થી નોંધાયેલી જુની શરતની ખેડખાતાની ખેતીની જમીન, જેનું જરાયતનું ક્ષેત્રફળ હે.આરે. ૩-૪૨-૩૫ ચો.મી. તથા પોત ખરાબાનું ક્ષેત્રફળ હે.આરે ૦-૨૨-૦૦ ચો.મી. મળી કુલ્લે ક્ષેત્રફળ હે.આરે. ૩-૬૪-૩૫ ચો.મી. અને આકાર રૂા.૨૪-૩૭ પૈસા છે જેનો ખાતા નં. ૨૨૯ છે તે ખેડખાતાની ખેતીની જમીન, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની (૧) હીરેનકુમાર ઈશ્વરભાઈ નાયક (૨) પ્રવિણાબેન ઈશ્વરભાઈ નાયક (૩) ગીરીશકુમાર ઈશ્વરભાઈ નાયક (૪) વનિતાબેન ઈશ્વરભાઈ નાયક પાસેથી (૧) તૈલેશકુમાર જયંતિલાલ મૈસુરીયા અને (૨) નુતનબેન તૈલેશકુમાર મૈસુરીયા એ તા. ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ સાટાખતથી વેચાણ રાખેલી. તેથી સદરહુ ખેતીની જમીન (૧) તૈલેશકુમાર જયંતિલાલ મૈસુરીયા અને (૨) નુતનબેન તૈલેશકુમાર મૈસુરીયા એ પોતાની માલીકી અને કબજા ભોગવટાની હોવાનું જણાવી સદરહુ ખેતીની જમીનના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. તેથી સદરહુ જમીન ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખીત વાંધા પુરાવાઓ સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહું જમીન અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતાં યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ ખેતીની જમીનનો તમામ હકકો સહિતનો (૧) તૈલેશકુમાર જયંતિલાલ મૈસુરીયા અને (૨) નુતનબેન તૈલેશકુમાર મૈસુરીયા ના કહેવાથી જમીનમાલીકો (૧) હીરેનકુમાર ઈશ્વરભાઈ નાયક (૨) પ્રવિણાબેન ઈશ્વરભાઈ નાયક (૩) ગીરીશકુમાર ઈશ્વરભાઈ નાયક (૪) વનિતાબેન ઈશ્વરભાઈ નાયક પાસેથી પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તરતકરાર ચાલશે નહીં. જેની તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯ (નોટરી)
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.